# -:: જાહેર હરરાજી ::-

આથી સબંધિત રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે બાગાયત મહાવિદ્યાલય હસ્તકનાં **લાલબાગ તથા જાંબુવાડી ફાર્મમાં** રહેલ **"બોરડી તથા આમળા"** ના ઝાડમાંથી ફળોને ઉતારી લઈ જવા માટેનો **મૌસમી** ઈજારાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સમય અને સ્થળ પર રાખેલ છે તો રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવા જાણ કરવામાં આવે છે. ઈજારો રાખાનાર ઈજારાદારે પોતાનું ઓળખકાર્ડ તથા રહેઠાણનો આધાર, મોબાઈલ નંબર રજુ કરવાના રહેશે.

**ઈજારાની વિગત:** ૧) લાલબાગ ફાર્મ (વિકાસવાડી) :- બોરડી-૪૬ અને બોરડી-૬૮
૨) જાંબુવાડી ફાર્મ (ખેંગારવાવ) :- બોરડી-૧૪૨
૩) જાંબુવાડી ફાર્મ :- આમળા-૬૭

**ફાર્મમાં જોવાની તારીખ :-** ૧૨/૧૨/૨૦૨૫ થી તા. ૨૨/૧૨/૨૦૨૫ સુધી
**સમય :-** સવારના ૮.૩૦ થી ૧૧.૩૦ અને બપોરે ૩.૩૦ થી ૫.૩૦,

**હરરાજીની તારીખ અને સમય : તા.** ૨૩/૧૨/૨૦૨૫ ના રોજ ગુરૂવાર સવારે ૧૦.૦૦ કલાકે
**હરરાજીનું સ્થળ :** સેમીનાર હોલ, બાગાયત મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., જૂનાગઢની કચેરી

૧) માંગણી દારે જાહેર હરરાજીમાં ભાગ લેવા માટે **રૂા. ૧૦૦૦/-** ભરવાના રહેશે. જે રકમ જાહેર હરરાજી પુર્ણ થયે તરત જ સ્થળ પર પરત કરવામાં આવશે.
૨) ઈજારો રાખનાર ઈજારદારે ઉપજેલ રકમના ૧૦% લેખે ડીપોઝીટ **તે જ દિવસે અથવા દિવસ-૨ માં કચેરીમાં** જમા કરાવવાની રહેશે.
૩) ઈજારાની શરતો સ્થળ ઉપર સંભળાવવામાં આવશે જે માન્ય છે તે બદલ પાછળ સહી કરી આપવાની રહેશે.

કન્વીનરશ્રી
આચાર્ય અને ડીન
બાગાયત મહાવિદ્યાલય
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

જા.નં.જૂકૃયુ /બામવિ/ક-૨ એ/જા.હ./ ૬૭૯૩-૬૮૦૦/૨૫ જૂનાગઢ, તા.૧૩/૧૨/૨૦૨૫

**નકલ સવિનય સહ રવાના :-** જા. હરરાજીના સમયે કમીટીના સભ્ય તરીકે હાજર રહેવા વિનંતી.
(૧) સહ સંશોધન નિયામકશ્રી, સંશોધન નિયામકની કચેરી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
(૨) પ્રાધ્યાપક અને વડાશ્રી (જનીન વિદ્યા અને પાક સંવર્ધન વિભાગ), જૂકૃયુ, જૂનાગઢ
(૩) પ્રાધ્યાપક અને વડાશ્રી (એગ્રોનોમી), જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
(૪) લાલબાગ તથા જાંબુવાડી ફાર્મ મેનેજરશ્રીઓને

**નકલ રવાના:-**
નિયામકશ્રી, આઈ.ટી.સેલ નેટ ઉપર મુકવા જાણ સારું.

**નકલ જાણ માટે રવાના :-**
(૧) મામલતદારશ્રી, લીમડા ચોક, જૂનાગઢ
(૨) કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, આઝાદચોક, જૂનાગઢ
(૩) સબંધિત ઈસમો તરફ .......... બહોળી પ્રસિધ્ધિ અર્થે

બુક પોસ્ટ

પ્રતિશ્રી, ..........................................
..........................................
..........................................
..........................................

# પ રિ શિ ષ્ટ –૧

બાગાયત મહાવિદ્યાલય હસ્તકનાં **લાલબાગ તથા જાંબુવાડી ફાર્મમાં** રહેલ"**બોરડી તથા આમળા**"ના ઝાડમાંથી ફળોને ઉતારી લઈ જવા માટેનો **મૌસમી** ઈજારાની જાહેર હરરાજીથી ફળો ઉતારી લઈ જવાની તારીખ મુકરર કરી ટપાલો/ઈન્ટનેટ ધ્વારા પ્રસિધ્ધિ આપતા આજ **તા.૨૩/૧૨/૨૦૨૫ ને મંગળવાર**ના રોજ હાજર રહેલ શખ્સો રૂબરૂ નીચે મુજબની શરતો વાંચી સંભળાવી જે માન્ય છે તે બદલ સહીઓ લેવામાં આવી.

| | |
|---|---|
| ૧. | આ ઈજારો ફળ ઉતારીને લઈ જવા માટેનો છે. |
| ૨. | ઈજારામાં અપાયેલ **બોરડી તથા આમળાના ફળ લઈ જવાની મુદત તા.૧૫/૦૪/૨૦૨૬** સુધીનો રહેશે. |
| ૩. | ઝાડોને જરૂરીયાત મુજબ પાણી અપાશે. મોટરમાં ખોટકો થઈ જાય તો ચાલુ કરવાની તજવીજ કરવામાં આવશે પાણી કુવાના પુરવઠાને આધીન રહેશે. |
| ૪. | માંગણીદારે માંગણી કરતાં પહેલાં રૂા. **૧૦૦૦/–** ભરવાના રહેશે, જે માંડલ પુરૂ થયે વગર વ્યાજે પરત કરવામાં આવશે. |
| ૫. | જેમનો ઈજારો મંજુર થશે તેમણે છેવટેની મંજુર થયેલ માંગણીની ૧૦ % મુજબ રકમ તે જ દિવસે અથવા દિવસ–૨ માં કચેરીમાં જમા કરાવાવની રહેશે, જે મુદત પુરી થયે કંઈ નુકશાની નહી થયા અંગેનું બાગના અધિકારીનું પ્રમાણપત્ર રજુ થયે વગર વ્યાજે પરત ચુકવવામાં આવશે. |
| ૬. | મોસમી ફળાઉ ઝાડ નો ઈજારો રાખનાર ઈજારદારે ઈજારાની પુરી રકમ એકીસાથે દિવસ–૧૫ માં ભરવાની રહેશે. |
| ૭. | હપ્તાની રકમ પુરી ભરપાઈ થયા બાદ દાખલ ચીઠી આપવામાં આવશે. |
| ૮. | માંગણીની રકમ બાગવાર વસુલ લેવામાં આવશે. |
| ૯. | ઈજારાની શરત મુજબ રકમ ભરપાઈ નહી થાયતો માંગણી રદ ગણાશે. અનામત જપ્ત થશે અને ઈજારદારને બ્લેક લીસ્ટમાં મુકવા વડી કચેરીને જાણ કરવામાં આવશે અને ફરીથી ઈજારો અપાશે. આમ કરતાં જે કંઈ નુકશાની થશે તે રેવન્યુરાહે વસુલ થશે તેમજ નફામાં કાંઈ હકક રહેશે નહી. |
| ૧૦. | વધારેમાં વધારે માંગણી સ્વીકારી કે નહી તેની અબાધીત સતા કમીટીની રહેશે. |
| ૧૧. | માલ ઉતારતા જ.કૃ.યુ. ની કોઈપણ માલ/મિલ્કત કે કાંઈ નુકશાની થશે તે ડીપોઝીટની રકમ માંથી મજરે લેવાની રહેશે. નુકશાની વધુ હશે તો રેવન્યુરાહે વસુલ કરવામાં આવશે. |
| ૧૨. | બાગોના જે રખોલીયા કે પ્રતિનીધી રાખવામાં આવશે તેના નામ અને સરનામાં જે તે બાગના ખેતીવાડી મદદનીશ ને અને સીકયોરીટી ઓફીસરને લેખીત દિવસ–૪ માં રજુ કરવાના રહેશે. વ્યકિત બદલાય તો તુરંતજ જાણ કરવી આવા માણસોનું વર્તન યુનિવર્સિટીને નુકશાનકતા જણાશે તો તેમને તુરંતજ બાગોમાંથી કાઢી મુકવામાં આવશે. |
| ૧૩. | અખતરાના ઝાડોને માલ ઉતારતા પહેલા જેતે ફાર્મના અધિ. ને જાણ કરવાની રહેશે. તેમજ અવલોકનો લીધા બાદ માલ ઉતારવા દેવામાં આવશે માલ ઝાડ પ્રમાણે ઉતારી અલગ રાખી વજન નોંધાવ્યા બાદ માલ લઈ જવા દેવામાં આવશે. આમા જો શરતચુક થશે તો ઈજારો રદ કરવાની સતા ફામ વડાને રહેશે. |
| ૧૪. | વાવાઝોડુ,અતિવૃષ્ટિ કે બીજી આસમાની/સુલતાની બનાવોથી ઝાડના ફળ, ફુલને નુંકશાની થશે તો તેની યુનિ.ની જવાબદારી રહેશે નહી કે આ અંગેનું કોઈપણ જાતનું વળતર ચુકવવામાં આવશે નહી. |
| ૧૫. | લેબોરેટરીના અવલોકનો માટે જરૂરીયાત મુજબના ફળો સેમ્પલ માટે આપવાના રહેશે. વધુમાં વધુ ૧ કીલો સુધી ફી આપવાનાં રહેશે ૧કીગ્રા.થી વધુ સેમ્પલની જરૂરીયાત રહેશે તો તેના નાણાં બજાર કીમતે ચુકવી આપવામાં આવશે. |
| ૧૬. | સરકારી કે યુનિ.કર્મચારી, યુનિ.ના લેણદારો તથા બ્લેક લીસ્ટ મુકેલ ઈજારદાર માંગણીમાં ભાગ લઈ શકશે નહી. |
| ૧૭. | ઝાડનું લીસ્ટ માહીતી પત્રકમા આપેલ છે. તેમા દર્શાવેલ ઝાડો જેતે સ્થિતીમાં છે તે સીવાયના કોઈપણ જાતના ફળ ફુલ કે પાન વેડાશે નહી. તેમાં પાછળથી કોઈ વાંધો માન્ય રાખવામાં આવશે નહી. |
| ૧૮. | સરકારી કે નગરપાલીકાના કોઈપણ દર ઓકટ્રોય, જે કાંઈ લાગો લેતરો ભરવાના થાય તે ઈજારદારે ભરવાના રહેશે. |
| ૧૯. | શરતોના અર્થઘટનમાં વિવાદ ઉભો થાય તો કમીટી જે નિર્ણય કરે તે માન્ય રાખવાનો રહેશે. |
| ૨૦. | બાગમાં લીલા કે સુંકા લાકડા ઉપર ઈજારદારનો હકક રહેશે નહી. |
| ૨૧. | ઈજારદાર બાગમાં કાંઈ માલ–ઢોર રાખી શકશે નહી. |
| ૨૨. | આકસ્મિત સંજોગો ઉપસ્થિત થતા રોગીષ્ટ ડાળીઓ પાન ફુલ વગેરે દુર કરવા સામે ઈજારદાર વાંધા લઈ શકશે નહી. |
| ૨૩. | ઈજારદારે તેમનું પાતાનું ઘર/ઓફીસનું સરનામું ઓફીસમાં આપેલ હશે તે સરનામે પત્રવ્યવહાર કરવામાં આવશે. વિવાદી પ્રશ્નોમાં તેમણે આપેલ સરનામે કરેલ પત્રવ્યવહાર તેમને માન્ય રાખવા પડશે. તેમજ સરનામું બદલેલ હોય તો કચેરીને જાણ કરવાની રહેશે. |
| ૨૪. | ઈજારદાર પેટા ઈજારો કોઈને આપી શકશે નહી. |
| ૨૫. | ઈજારાદારે ઓળખકાર્ડ અને રહેઠાણના આધારની (ઝેરોક્ષ કોપી) તથા મોબાઈલ નંબર કચેરીમાં રજુ કરવાના રહેશે. |
| ૨૬. | જો જરૂર જણાય તો ઉપરની બધીજ શરતોમાં ફેરફાર કરવાનો/અન્ય શરતો રાખવાનો અબાધિત અધિકાર કમિટીનો રહેશે. |

જૂનાગઢ.
તા. /૧૨/૨૦૨૫

કન્વીનરશ્રી
આચાર્ય અને ડીન
બાગાયત મહાવિદ્યાલય
જૂ.કૃ.યુ., જૂનાગઢ